મુખ્યમંત્રી અમૃતમ "મા"
અને "મા વાત્સલ્ય" યોજનાનો
વ્યાપ વધારવા બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક: એફપીડબલ્યુ-૧૦૨૦૧૨-૪૭૧બ-પા-૧-બ-૧
સચિવાલય ગાંધીનગર.
તા. ૨૮/૦૨/૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) આ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.
(૨) આ વિભાગના તા.૧૩/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.
(3) આ વિભાગના તા.૨૬/03/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.
(૪) આ વિભાગના તા. ૦૧/૦૪/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.
(૫) આ વિભાગના તા. ૧૮/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.
(૬) નાણાં વિભાગના તા. ૨૨/૧૨/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:- ખરચ/ ૧૦૨૦૧૬/૧૨૩૪/ઝ.૧.
(૭) મા.અને પ્ર.વિ.ના તા.૩૧/૦૭/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:- જનલ/૧૦૨૦૧૭/૨૪૩/બ.
(૮) આ વિભાગના તા.૦૪/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૭/૮૭૨/બ.૧.
(૯) આ વિભાગના તા.૨૭/03/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૭/૮૭૨/બ.૧.
(૧૦) શ્ર.અને રો.વિ.નાં તા.૦૪/૧૨/૨૦૧૫ નાં ઠરાવ ક્રમાંક: યુઓએલ/ ૧૩૨૦૧૫/૨૨૩/મ-૨.
(૧૧) આ વિભાગના તા.૦૭/૦૯/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ- ૧૦૨૦૧૮/૮૨૨/બ.૧.
(૧૨) ભારત સરકારના તા.૧૩/૨/૨૦૧૯નાંપત્ર નં.**D.O.No.S/12013/ 12/ 2018/ Fin./ NHA/ 2.**
(૧૩) અધિક નિયામક (ત.સે.)ની તા.૧૫/૦૨/૨૦૧૯ની SFS ફાઇલ પરની દરખાસ્ત.

આ મુ ખ :-

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક:- (૧) પરના ઠરાવથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૨ થી ગરીબ રેખા હેઠળ જીવતા કુટુંબ (પાંચ વ્યક્તિ) ને ગંભીર બિમારીઓ માટે કેશલેસ સારવાર મળી

રહે અને આર્થિક રીતે ખર્ચાળ એવા ગંભીર રોગોમાં ગરીબી રેખા હેઠળ જીવતા અને મધ્યમ વર્ગના પરિવારોને મદદરૂપ થવાના હેતુથી "મા" અને "મા-વાત્સલ્ય" યોજના અમલી કરેલ છે.

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક:-(૧) થી (૧૦) પરના ઠરાવોથી "મા" અને "મા-વાત્સલ્ય" યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારો, વાર્ષિક રૂ. ૩.૦૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારો , રાજ્ય સરકારનાં વર્ગ- ૩ અને વર્ગ- ૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણુંક આપેલ ફિક્સ પગારનાં કર્મચારીઓ, માન્યતા પ્રાપ્ત પત્રકારો અને તેમનાં પરિવારો, ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના તમામ આશા બહેનો અને તેમના પરિવારો, યુ-વીન કાર્ડ ધારકો અને તેમનાં પરિવારો, વાર્ષિક રૂ. ૬ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા કુટુંબોના સિનિયર સીટીઝનોને "મા" અને "મા-વાત્સલ્ય" યોજના હેઠળ લાભ આપવામાં આવે છે.

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક:-(૧૧) નાં ઠરાવથી આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અમલી કરેલ છે. જે હેઠળ SECC માં નિયત માપદંડો ધરાવતા પરિવારોને પ્રાથમિક, સેકન્ડરી અને ટર્શરી કેરની સારવાર વાર્ષિક રૂ.૫ (પાંચ) લાખની મર્યાદામાં પુરી પાડવામાં આવે છે.

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક:- (૧૨) દ્વારા નેશનલ હેલ્થ ઓથોરિટી ભારત સરકાર દ્વારા સામાજીક આર્થિક અને જાતિ આધારિત સર્વે-૨૦૧૧ના માપદંડો વિના ૪૪.૮૫ લાખ પરિવારો માટે ભારત સરકાર દ્વારા નિયત કરેલ મર્યાદામાં ગ્રાન્ટ ફાળવવાની બાબતને મંજુરી આપેલ છે. જેઓ રાજ્યમાં અમલી યોજના હેઠળ પાત્રતા ધરાવતા હોય."મા" અને "મા-વાત્સલ્ય" યોજના હેઠળ હાલ મળવાપાત્ર લાભમાં વધારો કરીઆયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં મળતા તમામ પ્રકારનાં લાભ મળી રહે તેપ્રકારની રજુઆતો મળેલ છે. તેમજ પ્રજાજનો અને ધારાસભ્યો દ્વારા "મા-વાત્સલ્ય" યોજના હેઠળઆવક મર્યાદામાં વધારો કરવાની અને "મા" અને "મા-વાત્સલ્ય" યોજનાનાં તમામ લાભાર્થીપરિવારોને આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના મુજબનાં તમામ લાભ મળી રહેતેવી રજુઆતો કરવામાં આવેલ. આ બાબતે સંદર્ભ ક્રમાંક (૧૩) થી કમિશ્નરશ્રી આરોગ્યની કચેરી દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે.

સુધારા ઠરાવ:-

માન. નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ, તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર, પાટનગર યોજના) એ વર્ષ-૨૦૧૯-૨૦નું અંદાજપત્ર તા.૧૯.૦૨.૨૦૧૯ ના રોજ વિધાનસભામાં રજુ કરેલ અને તેમાં કરેલ જાહેરાત અનુસાર "મા-વાત્સલ્ય" યોજના હેઠળ આવક મર્યાદા વધારવા અને "મા" અને "મા-વાત્સલ્ય" યોજનાના તમામ લાભાર્થી પરિવારોને આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અનુસાર લાભ આપવા માટેનો નિર્ણય કરેલ છે. જે પરત્વે પુખ્ત વિચારણાને અંતે તેમજ બજેટમાં મળેલ મંજુરી અન્વયે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) "મા વાત્સલ્ય" યોજના હેઠળ રૂ. ૩.૦૦ લાખ સુધીની પારિવારિક વાર્ષિક આવકને બદલે આવક મર્યાદામાં વધારો કરી રૂ. ૪.૦૦ (અંકે ચાર લાખ પુરા) સુધીની પારિવારિક વાર્ષિક આવક ધરાવતા પરિવારોનો સમાવેશ કરવાનો રહેશે.

(૨) "મા" અને "મા-વાત્સલ્ય" યોજનાનાં તમામ લાભાર્થી પરિવારોને આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ મળવાપાત્ર રૂ. ૫ (પાંચ) લાખ સુધીની નિયત કરવામાં આવેલી સારવારના લાભો આપવાના રહેશે.

(૩) આ ઠરાવ મુજબ મળવાપાત્ર લાભો આપવા માટે તાત્કાલીક જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૪) આ ઠરાવનો અમલ તા.૦૧.૦૩.૨૦૧૯ થી કરવાનો રહેશે.

(૫) ઉક્ત તમામ લાભ માટેની વિગતવાર માર્ગદર્શિકા કમિશ્નરશ્રી (આરોગ્ય) ની કચેરીએ બહાર પાડવાની રહેશે.

(૬) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા૨૮/૨/૨૦૧૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે..

( એ.એ.બાદી)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ